પદ્ય રત્ન.

પ્રથમ પુસ્તક.



રચનાર.

(બે તરૂણ ગૃહસ્થ.)

ગૌરિશંકર વી. નરભેશંકર.

તથા

ઠા. કહાનજી વી. ધર્મશીંહ.

ખંભાળિયાના જ્ઞાન સૂર્યોદય સભાના

મંત્રી.

મુંબઇ

શી, "િ ઼"માં છપાવી પ્રગટ કરી.

ત ૧૯૩૨.

કિંમત ૪ આના.

સૂચના

પ્રસ્તાવના*



આ પ્રાંતમાં દિન પ્રતિ દિન કવિતા વાંચવાના શોખનો વધારો અને તેની સાથે આપણી માતુશ્રી ગુર્જરી ભાષાનો ફેલાવો જોઇ અમારૂં મન કોઇ પદ્યાત્મક પુસ્તક રચવાને ઉલ્લાસથી પ્રવર્ત થયું, અને તે એવા હેતુથી કે અમારે અમારી કલમ નિરઉપયોગી વિષય ઉપર ન ચલાવતાં, માત્ર જેમાંથી શિખામણ મળે તથા નીતિનો લાભ લઈ શકાય એવા માંગલીક વિષયપરજ ચલાવવી. સદરહુ વિચાર માફક, જ્ઞાનની પ્રાપ્તિ થવા લાયક પ્રથક પ્રથક વિષયો લખી, તેને પુસ્તકના આકારમાં ગોઠવી, પદ્ય રત્ન એવી સંજ્ઞા આપી, છપાવી હવે પ્રિય સ્વદેશીની સેવામાં મુકીએ છીએ.

કાવ્યકળાનું પૂર્ણ જ્ઞાન મેળવવું તથા નાનાવિધ પ્રકારના ગ્રંથ વાંચવા, જે કવિતા કરનારાને આવશ્યકજ કરવું જોઈએ પણ સાચું પુછાવો તો અમે તો બનેમાંનો લાભ પરિપૂર્ણ લઇ શક્યા નથી, માટે અમે અમારી આશામાં ઘણે દરજે નિષ્ફળ થયા છીએ, એતો નિઃસંષય છે. પરંતુ આ [illegible] વામાં આવેછે કે પ્રિય સજ્જનો તરફથી અમારા [illegible] ન ઉપર લક્ષ દેવાઇ, ઉત્તેજન મળશે તો, વારૂં [illegible] શ્રમ સફળ થયો, એમ અમે સમજીશું. અને [illegible] ખત હવેના કરતાં સારૂં લખવાને પ્રવર્ત [illegible]

અમારા પ્રિ[illegible] સ્નેહી ભાટિયા ઠક્કર મુળજી આનંદજી ચપરને આ માંગલીક પ્રસંગે યાદ કરવા યોગ્ય ધારીએ છીએ. એ સાહેબ વચ્ચે જે દહાડાનો મિત્રતા-

નો અમારે પવિત્ર સંબંધ થયોછે તે દિવસથી તે આવાળી એણે જે વર્તણુક ચલાવીછે, ખરે તેતો સ્તુતિ પાત્રછે. મિત્રમાં શા શા ગુણ જોઈએ તેમાંના ઘણા ખરા એમની પાશે હમે જોઇએ છીએ. આહા! પ્રભુ મિત્ર આપો તો એવાજ પ્રીતિપાત્ર આપજો. અમે પ્રોય વાંચનારાને પ્રથમથીજ નિવેદન કરીએ છીએ કે એમના પ્રિતીયોગ્ય લક્ષણને માટે, અમે આ, નાનું પુસ્તક પ્રેમ ભક્તિ પૂર્વક એમનેજ આર્પણ કર્યુંછે.

પરિયંતે વિદ્વજનોને નમ્રતા પૂર્વક વિનંતિ કરીએ છીએ કે આ નાના પુસ્તકમાં દોષ હોય તો સુધારીને વાંચશો અને ક્ષમા કરશો.

મેતા ગૌ૦ ન૦ (તથા) ક૦ ધ૦



કવિત મનહુર વૃત.

પ્રિય, મૂળજી, પવિત્ર, આનંદજીતણા સૂત,
સૂગ્ન શૂરા સ્નેહી સદા સદ્‌ગુણી ધારશો ;
ભાવિક ઓભાટીયાની જ્ઞાતીમાં ભજ્ઞા ભણેલ,
પ્રવીણ પઢેલ સૂધરેલ સુ વિચારશો ;
કર્યાં રૂડાં કામ આમ હૈયામાં સુહામધરી,
ઠામ ઠામ નામતણો કર્યો રૂડો કારશો ;
પ્રથમ પ્રયત્નતણો પ્રવેશ સુયત્ન થકી,
'પદ્ય રત્ન' ગ્રંથ સદ્ય સ્નેહથી સ્વિકારશો. ૧.

દોહરો.

સુ ચિન્હ રેહવા સૃષ્ટિપર,
લાયકોનું લવલેશ ;
ગ્રંથ પ્રથમ આરંભીને,
અર્પે આજ ઉજેશ. ૧.
પ્ર [illegible] ગતા પૂર્ણનો,
કર [illegible] પાદીત ;
છ [illegible] ા પૂરા,
ચિ [illegible] તે ખચીત. ૨.

પદ્ય રત્ન.

ઈસ્વર પ્રાર્થના.

શાર્દૂલ વિક્રિડિત છંદ.

આદૌ પ્રાર્થ વિનાયકં ગુણનિધીં લંબોદરં બુદ્ધિદં,
શ્રીપ્રત્યૈ વરદાયકં સુચીમુખં યસ્યાન હસ્તિકં ;
હેરંબે નચવી તોસૃતો ત્રીભુવને તસ્મૈનપો વિશ્વપે,
ઇત્યેવં ગુણનાયકં ગણપતીં નત્વા અહં સંવતે. ૧.

શિખરિણી છંદ.

નમો હેરંબાર્વૈ વચગિરી સુતાયચ્ચ સુનવે,
નમો બ્રહ્મા પુત્રે સુરવર પ્રદાયૈ વનમં ;
વિધાતૃ વિઘ્નઘ્નુભ્યા હિમગીરી સુતાયાચ્ચ પતયે,
નમોસ્તુદેવેભ્યો સકલ કવિભ્યેભ્યોપિનમં. ૧.

આર્યા છંદ.

આદૌ વિઘ્નવિનેસં દેવીંચૈવં [illegible] નમસ્કૃત્યે,
ગુર્જરી ભાષાયાંતુ ગ્રંથસ્ [illegible] કુર્વે. ૧.

ઈદ્ર[illegible]

ઈશ મહીશજ [illegible]
પ્રસીદ્ધપણે અતી [illegible]નાદી ;
હાલ ગણી તુજ બાલ [illegible]ાલથી,
ન્યાલ કરો દુર કાઢિ કુબાદી ;
આજલગી મહારાજ સુ કાજથી,
લાજ વધારિ સુભાવ ભલાદી,

દેશ વિદેશનિ એશ સુરેશ,
હમેશ સુચાલ કરો સતવાદી. ૧
સંપ સુસંપતિ જપ અને વળિ,
આપ વધુજ વિવેકનિ યાદી ;
લાભ લઇ કઇ ભાવ સુજ્ઞાન,
તણા તણીતો કરીએજ પ્રસાદી ;
ભાન સુજ્ઞાનનું તાન લગાડીજ.
માન મહાન કરોજ સુખાદી ;
દેશ વિદેશની એશ સુરેશ,
હમેશ સુચાલ કરો સતવાદી. ૨.
*સ્ટીલ થકી કદિ †પીન બનાવ,
કુટીલપણાથિ ન આપજ ગાદી ;
સત્ય અસત્ય કરાવ કદી નહિં,
પ્રત્ય તું રાખિશ નાર નરાદી ;
આશજ દાસજ ખાસતણી.
ઝટ ઇશ તું પૂર્ણ કરીશજ આદી,
દેશ વિદેશની એશ સુરેશ.
હમેશ સુચાલ કરો સતવાદી. ૩.

દોહરા.

હરજો હરિ દુઃખ સુખ કરી, ધરજો વિનંતી ધ્યાન ;
ભરજો બુદ્ધિ દાસ દીલ, ગરજો ટાળિ તમામ. ૧
જગ કર્ત્તા જગદીશ્વરા, સુત સુભ વાસૂદેવ ;
પ્રણમે પ્રીતે પ્રેમથી, સહાય કરતા શેવ. ૨.
મહાન મહિશ પૃથ્વિપતી, જ્ઞાન આપ ગુણવાન ;
ધ્યાન ધરી નિત નિપુર્ણતા, દે સદવિદ્યા દાન. ૩.

---

*કલમ—†શાહાજાદા.

શ્રી પ્રભુ પાપ કરી પ્રલય, અક્ષય આપજ એક;
વિષય આપ મતિ વિદ્વના, વિશ્વેસરા વિશેક. ૪.
સદગુણતાને સુજ્ઞતા વધુ વિદ્વતા આપ;
આશ દાસની પૂરવા, કરજો પૂર્ણ પ્રતાપ. ૫.
વિઘ્ન વડા ટાળી અને, શ્રીસદગુણ સુભ આપ;
સદબુદ્ધિ વૃદ્ધિ કરી, કષ્ટ કારમાં કાપ. ૬.
ધર્મવંત શ્રીમંત તું ઇશ અતીશ અનંત;
વિદ્યાવંત વિશેષ તું, નરેશ જગત જીવન. ૭.
માનવિને મહજ્ઞાનનો, ઉદય હૃદયમાં આપ;
સદા ઇશ જગદીશજી, સદ્ય સુધારો સ્થાપ. ૮.
પદ્યતણી પૂરી પ્રીતે, આપી મતિ મીઠાસ;
મનના મર્મ પુરો પ્રભુ, શ્રીઅવિનાશ ઉઆશ ૯
હરકત ઉર હીંમતથકી, સુખ દાયક ગુણ ગ્રામ;
માગે દાસ હમેશ એ, પાયે કરી પ્રણામ. ૧૦.
કર જોડી કરી પ્રાર્થના, પરિબ્રહ્મની પાસ;
ગ્રંથ પુર્ણ ગુણીયલ થવા, શેવક ગોરિદાસ. ૧૧
નિત્ય નમી કરતારને, કહે કાન ધરિ ધ્યાન;
રિદ્ધ સિદ્ધી સમૃદ્ધિ, સ્વદેશને દે શ્યામ. ૧૨

લલીત છંદ.

અખિલ વિશ્વના જગત નાથરે,
સુગુણ સાગરા તુજ આણરે;
પ્રણમતાં પ્રભુ સાહ્યતા કરો,
હરિ સુહેતથી આપદા હરો. ૧.
અકળ ઇશજી તારી ગતી,
તુજ પરાક્રમી પૂર્ણ પંક્તી;
પ્રથમથી પ્રભુ એક તું ખરો,
હરિ સુહેતથી આપદા હરો. ૨.

નિશ દીને નકી સાહ્યતા કરે,
તુજ વિના અહો કષ્ટ કો‡ હરે;
શ્રૃષ્ટી સર્વને પુષ્ટ આશરો,
હરિ સુહેતથી આપદા હરો. ૩
પ્રેમથી પ્રીતે પ્રાર્થના સુણી,
રેમ કર ઘણી જગતના ધણી;
દાસ ખાસની આશ તો પુરો,
હરિ સુહેતથી આપદા હરો. ૪.
જગતમાં પ્રભુ એકછું છડો,
વિશ્વ સર્વથી ઇશ તું વડો;
અર્જ દાસની ઉરવિષે ધરો.
હરિ સુહેતથી આપદા હરો. ૫.
નમિ નમિ નમિ નેહથી નીતે,
પ્રણમી પ્હેરીએ પ્રાર્થના પ્રીતે;
સૌ નમે સદા નારી ને નરો,
હરિ સુહેતથી આપદા હરો. ૬.
સૂર્ય ચંદ્ર ને ગ્રહતણી ગતી,
પેખ્ખી પ્રકૃતી ઉત્તમ ઓપતી;
શ્રૃષ્ટીમાં શ્રજ્યાં *હસ્તી, †હય, ‡ખરો,
હરિ સુહેતથી આપદા હરો. ૭.
નાથ જગતનો પ્રૌઢ તું પતી,
સકળ શ્રૃષ્ટીમાં કુશળ તુજકૃતી;
અબળ દાસની અર્જ આ શુણી,
સબળ આશરો દો શીરોમણી. ૮.
ઉત્તમ આશરો આપ આપશો,
પ્રાર્થના પ્રીતથી સ્વીકારશો;

---

‡ કોણ.

ગૌરીદાસને કાનજી નમે,
ગ્રંથ પંથ આ રહેરવા સમે. ૯

बुद्धि महीमा.

દોહરા.

એષ્ટ સર્વદા સુજ્ઞતા, જ્ઞાનતણિ ગણિ ખાણ ;
બહુ બહુ બુદ્ધિ આ સમે, ઈષ્ટ આ સ્થળે આણ. ૧
બુદ્ધિ શુદ્ધિ શરીરની, વૃદ્ધિ વિદ્ય વિવેક ;
ભાન ખાન સન્માનની, આ ઔષધી એક. ૨.
અંત શ્રીમંત સુહામણી, વંશપરા પર્યંત ;
દેખો સઘળા દેશમાં, બુદ્ધિ બેશ દિપંત. ૩.
આજ લાજના કાજમાં, બુદ્ધિ બૌધા બેશ ;
તાજ ગાજવા રાજનું, પ્રૌઢા પઢે નરેશ. ૪
આશ ખાશ અંતર ધરી, પાસ ચહો વીદ્યાય ;
દાસ ઉલાશે બુદ્ધિના, ગુણ તન મનથી ગાય. ૫.
ગામ ઠામ ને ધામનું નામ ધરે વીદ્યાન ;
નામ હામથી વાપરે, મળવા મોટું માન. ૬.
બેંત વંતની આ નથી, છે બેતર સમ ખંત ;
ચડતાં પડતાં ગગડતાં, થાય મહા શ્રીમંત. ૭.
લોક અથોકે લાયકી, વાપરિ બુદ્ધિ બેશ ;
માન ચહો વિદ્વાન સહૂ, દિગમળ થાવા દેશ. ૮.

*હથી—†ઘોડા.—ગધેડા.

આપ કાપિ પરતાપને, જાપ જપો ઉર એહ ;
આપ ચઢો ચોંપે કરી, મળશે સેજે સ્નેહ. ૯.
પઢો પ્રવીણ પ્રમાણકો, સદબુદ્ધિ સુખદાય ;
અંતે આશ્રય આપશે, વિદ્યુમતી વીદ્યાય. ૧૦
બુદ્ધિ બહૂ રીતે ભલી, કળ બળ અકળ ઉજેશ ;
સકળ મનોરથ સફળ થઈ, દિગ્ચળ કરશે દેશ. ૧૧.
જન ઉમંગ આનંદથી, ફંદ મટાડિ કુછંદ ;
ઉર ધરી ઉલટ ઉલાસથી. પ્રમાણ પણની સનંદ. ૧૨
તન મન ધનથી જન રહો, બુદ્ધિને આધીન ;
ગૌરિ તથા કે કાનજી, રહેવા રૂડું ચીન્હ. ૧૩.
સવિતા નમિ કવીતા કરી, આજ કરિ શરૂઆત ;
પૂરણ પંદર છંદ રચ્યા. જે જગમાં વિખ્યાત. ૧૪
જગપતી બુદ્ધિ સુધીને, દેજો શુભ વિદ્યાય ;
સદવિદ્યા સદચાતુરી, સદબુદ્ધિ સુખદાય. ૧૫.

नीत.

નારાચ છંદ.

દિને નિશે નીતિ નકી, સજો સદા સુરીતથી;
કનિષ્ટ કૂર કર્મ પાપ, આપ કાપિ પ્રીતથી ;
ખચીત ચીતમાં વિચારિ સુભ રીત શોધવા,
અમુલ્ય રત્ન તુલ્ય ગુણ પામવા નવા નવા, ૧.
સુનીતથી ખચીત ખાણ જ્ઞાનની મળે ઘણી,
તમામ લાભ આમ ઠામ ઠામ પામીએ મણી ;

ક્રિતો જે શીરોમણી ધણી મળે સુરીતથી ;
ચતૂર ચેત શુર મીત્ર ચીંત પ્રોત હીતથી. ૨.
સુ નામ સુખદા સુહામ જામવા જરૂરનું;
સુગૂણની સમીપમાં સુનીત નિત્ય શૂરનું,
કરો પ્રિતી પુરેપુરી સજ્જન મન તેતણી ;
વિશેષ ગૂણ વીશ્વમાં નીતિતણા ગુણી ગણી. ૩.
અનીત અંગની હણો અતી પ્રિતી હમેશની,
ખરેખરી ખુશી ખિલે દિલે ગુણો ઉજેશની ;
વખાણ વાણને સુધર્મ કર્મ મર્મ સર્વમાં ;
અતી પ્રમાણ પંક્તી નિતી પ્રવીણ પર્વમાં. ૪
મતી અતી જતી રહે અનીતના પ્રવેશથી,
સુનીત શોભતી સદા અતી ગતી ઉજેશથી ;
જાર ને નઠાર દૂષ્ટ ચાલ દૂર દેખવા,
સુનીત સ્નેહથી સજો પ્રભુજી પ્યાર પેખવા. ૫,
સ્વદેશમાં ઉજેશ આજ ન્યાય ને નીતિ ગણી,
સુહામ કામ આમ આદરો અનીત ને હણી ;
સ્વતંત્ર રીત શોભતી અજીત ગુણ ઓપતી ;
ગ્રહો ગુણી સુણી સુસ્વાદ નિર્મળી નિતે નિતી. ૬.
અતિ અન્યાય દૂઃખદાય પક્ષપાતને પ્રીતે ;
કુચાલ લાંચ આંચકારી ભારિ જે ભુંડી ભીતે,
મહીશથી દીસે ડરી હરી કુચાલ કૃરતો,
સત્ય પ્રત્ય સર્વદા સજો સુનીત શુરતો. ૭.

ચામરવૃત.

ખેદ ખાળિને ઉમેદ શ્રેષ્ટતા સદા શુરી,
હેમ તૂલ્ય હેતથી પ્રવીણતા પઢો પુરી ;
ચાલ ચાલતી નઠાર સાર યાર તે થવા.
સૂવાક્ય સ્નેહથિ શીખો શુનીત બીજ વાવવા. ૧.

પ્રૌઢ લક્ષ આપિને લહોજ લાયકી રૂડી,
સૂનિત સર્વદા સજો તજો કુચાલ જે કુડી ;
*સરસ્વતી શીખો સુરીત સૂઝ સર્વ દીલ દૈ,
વીઝ કીંમતી વિશેષ મીત નીતીનું લઇ. ૨.
ગ્નાનવાન ગુણ સાન સર્વને સદા દીઓ ;
નિતીતણું અતી પ્રિતી સુપાન માનથી પીઓ ;
સર્વ ગર્વ ટાળિને ખરી ખરાબી ને હણી,
સુનીત સ્નેહથી સજો ભજો શુરા શીરોમણી. ૩.

દોહરો.

વૃજ ભાષા.

નિતીમેં ગુણ હોતહે, નીતી પ્રીતે પ્રમાન ;
બીન નિતીસેં દુ:ખ બધે, સુનીતે શોભત બાન. ૧.

(મદીરા છંદ.)

નીતી રખો સચ બાત બિસે નહિંશે યહું જ્યાં કછુ ભેદ ખુરા,
હીંમત એક રખો હથિયાર જહુ રણુમેં જાય શુરા ;
નીતિ રખે જન જેહ યહા કછુ ભેદ, પુરાણુમી રોજ પુરા.
નિતી સુબીન ગણો ગુણુવાન નહી જનજાર બધું અંધુરા. ૧

દોહરો.

નિતી બીન રાજા નહીં, પ્રિતી બીન નહિં યાર ;
નિતી બીન શોભે નહીં, રાજ પ્રજાકો પ્યાર. ૨.
નિતી બીન રાજા નહીં, જ્યોં ના ગુણી ગુમાર ;
જ્યોં સર્વે નિતી રખે, ત્યોંજ હોત હુશીયાર. ૩

કવિત મનહર.

નિતી બીન નહીં બધે રાજન પ્રજાકો પ્યાર,
નિતી બીન ઠેર ઠેર બેર બાત દેખીયે;
નિતી બીન માર ફાડ લુંટ ઝુંટ બાત હોત,
નિતી બીન રીતી શુભ કછુએ ન દેખીએ;
નિતી બીન બીવાહુકી બધનેકી નાંહી આશ,
કામ હોત કૂર એક દિન લાખ લખીએ;
નિતી પ્રીતી શુભ રખના સુચાલ ધારી,
બીચારી બીન નિતી અંધ થઇ ન દેખીએ. ૧.

દોહરો.

શુભ નિતીથી સર્વદા, લાભ લહો નરનાર;
પ્રિતે ઉતમ પામશો, શ્રીપ્રભુકેરો પ્યાર. ૧.
શુભ નિતીની રીતથી. વીત ને હીત હમેશ;
ગૌરિદાસ ને કાનજી, પામો વિશ્વ વિશેષ. ૨.

अहंकार.

હરિગીત છંદ.

અહંકારથી જન સર્વેનિ અપકિર્તી તો થાશે અતિ,
મ્હા માન શુભ સન્માન ટળશે સ્વર્ગમાં નહિં શુભ ગતી;
માન ધનને ધ્યાન વળિ સુખ સંપત્તિથી સર્વદા,
મોહિત થઇ મન મગનમાં મદ માન્ય કરવો નહિં કદા ૧.
અહંકાર ઉરમાં જે ધરે શુરવિર તેમાં શુન્યછે,
અહંકારથી ઉદારતા તે પૂન્યતાજ અપુન્યછે;

રાજ્યમાં શુભ કાજ્યમાં નહિં ફાટવું ગુણ વિષયમાં,
કદિ આપકેરી એવી ગતી અતિતો બને તે સમયમાં. ૨
માટે વિચારિ સજ્જનો અહંકાર દિલ ધરવો નહિં,
અહંકારના આચારથી સંકટ સ્પષ્ટ સદા સહી;
અતિ એવા અહંપદતણા ગુણ જાણિને વિચારમાં,
પવિત્ર મિત્ર પ્રીતે તજી તે નમ્ર લો નરનારમાં. ૩
†ધનનો જોબનતણો તેમ મદ વિદ્વતાતણો,
વળિ અમલકેરો એયિ અહંકો અંગમાં વ્યાપે ઘણો
જેથી કરી †જન ‡મન સાક્ષાત સમજી સર્વદા,
તે ટાળિ મદ સર્વદા સ્નેહે નમ્ર ગુણ ગ્રહો સદા. ૪.
સૌ મીત્ર ચીત વિચારી નીત સુપ્રીતથી તજજો તમે,
અહંકાર એવું નામ તે તું ધામ કરશો નહીં ક્રમે;
છે વાત આ સાક્ષાત તો અહંકારના અવગુણ ભરી,
અહંકારમાં નહીં સાર સમજો યાર સૌ સ્નેહે કરી. ૫.
અહંકારિના દુઃખદેણ સરખાં વેણ લાગે જ્ઞાનીને,
સ્પષ્ટ શમજો દુષ્ટ આ આવેશછે અજ્ઞાનીને;
દેશ ને સુ દેશકર્ત્તા જાયછે તેને તરી,
અહંકારમાં નહીં સાર સમજો યાર સૌ સ્નેહે કરી ૬
ભાન નાવે જ્ઞાનનું જો તાન લાગુ તેહનું
લાજ જાયે આજ એછે વ્યસન દૂસ્મન દેહનું;
સોબત શુરી શોધો તમે સૂજ્ઞાનને અનુસરી,
અહંકારમાં નહીં સાર સમજો યાર સૌ સ્નેહ કરી. ૭.
માનછે સ્મસનમાને ધાન ખાતો તે ટળે,
ક્રોધકેરો બોધ જો અહંકારમાં આવી મળે;
ચેતી ચેતિ ચાલવું આ *રેતથી બહુધા ડરી,
અહંકારમાં નહીં સાર સમજો યાર સૌ સ્નેહે કરી. ૮.

---

†ધન ‡મન *જન ‡સમજી. ‡રણ.

પ્રુદ્ધિ ને સમૃદ્ધિ વૃદ્ધિ આપશે હેતે હરી,
કરૂણા નિધાન કૃપાળુ થઈને કાપશે દુઃખના દરી+;
હરી ફરી પ્રૌઢ પ્રતાપ પ્રીતે આપશે શુભ વાસના,
સુખ સંપત્તી યુક્ત અતિ તેમ ઉત્તમ જન ઉલ્લાસના ૯.
અહંકારના અવગુણ અતિ અમ અંગમાં આવી દશ્યા.
વળી દુષ્ટ મુર્ખ દેહમાં વિશેષથી વ્યાપી વશ્યા;
ઉપદેશકારિ વિશેષ જાણી હીતકારી હીતથી,
વિચારીને ગૌરિ વદે તેમ કાન પ્રૌઢી પ્રીતથી. ૧૦.



सुविद्या.

ઉપેંદ્ર વજ્રા છંદ.

શુરા સ્વદેશી ધરિ વાત ધ્યાને,
નિતે રૂડાં વેણુ ધરોજ કાને;
વિદ્યા વિના ચાલ નિએ નકારી,
શિખો સુવિદ્યા શુરી ચીત ધારી. ૧.
વિદ્યા શિખે સુખ સૂરીતે થાશે,
વિદ્યાથકી દુઃખ બધું તજાશે;
વિદ્યા અતિ શોકધિ લે ઉગારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૨

+દરીયા—સાગર

વિદ્યા સુ પૈસાતણિ ખાણુ રૂડી,
બુદ્ધિ ન તેથિ કદિ થાય કૂડી ;
ભણો સૂભાવેજ જરૂર જાણી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૩.
એહા ગુણો ભાવથિ તો વિશેષે,
વધે વડા જેથિ વિદ્વાન દેશે ;
તજી ચરૂડો રૂડી લ્યોજ ઝારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૪
અભ્યાસ તો છોડિ વધે કરી લ્યો,
અથાક તો પાન અમૃત પીલ્યો ;
શુરા લોએ જેમ રણે કટારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૫.
મળે સૂવિદ્યા થકી સૂખ ઝાઝું,
સદા સૂવિદ્યાતણું પાત્ર ગાજ્યું ;
બુદ્ધિ કુવિદ્યા થકિ છે નઠારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૬
લડી મરે લોક કુટુંબમાંહે,
જહા કુવિદ્યા પડિ હોય ત્યાંહે ;
સદા સુવિદ્યા તર્ત દેજ તારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૭.
કુચાલથી તો કદી જાવું લાજી,
સુચાલથી રેહવું હમેશ રાજી ;
થશો કુવિદ્યાથકિ તો ભદારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૮.
નરો કરો હાલ ઉદ્યમ એવા,
સદા સુખી દીસ વિશેજ રેહવા ;
વિદ્યા રૂડી એક સુગ્નાન બારી,
શિખો સુવિદ્યા શુરિ ચીત ધારી. ૯.

દોહરો.

સદવિદ્યાથી સર્વદા, સદબુદ્ધિ સુખકાર,
સંપ લક્ષ્મી સોહામણી, તત્પર તાબેદાર. ૧

નારાચ છંદ.

બની પુરા પરાક્રમી પ્રતાપ આપ સ્થાપવા,
ભણી વિદ્યા સુભાવથી જરૂર નામ જાપવા;
કુચાલ ને કુબોધ દૂર નિશ્ચયો વિદારિને,
શિખો સુવીદ્યા વિશ્વમાં વિશેષ લાભકારિને. ૧.
ઠરેલ સુધરેલ સૂઝ બૂઝ રીત શોધિને,
છકેલ ને બકેલ છેક મૂર્ખને પ્રબોધિને;
અમુલ્ય બુદ્ધિ અંગની પ્રિતે સદા સુધારિને,
શિખો સુવિદ્યા વિશ્વમાં વિશેષ લાભકારિને. ૨.
કુચાલ કાપિ કારમી સુચાલ સર્વદા સજી,
સુકામ આદરો સદા નકામ દુર્ગુણો તજી;
નિપૂણ સર્વદા થવા નરો તથા સુનારિને,
શિખો સુવિદ્યા વિશ્વમાં વિશેષ લાભકારિને. ૩.
સુવિદ્યા શીખિ સર્વદા સુધર્મ બીજ વાવીએ,
કનિષ્ટ દૂર કર્મ કામ હામથી હઠાવીને,
સત્કર્મકેરિ સર્વદા કરે ગ્રહી કટારિને;
શિખો સુવિદ્યા વિશ્વમાં વિશેષ લાભકારિને. ૪.
સુગુણ સદ્ય શિખવા જરૂર પ્રીત ધારિને,
સજ્જન સર્વ સ્હેલથી સૂચાલ ઝાલિ સારિને;
પ્રૌઢ ને શિશુ સદા નરો તથા સુનારિને,
શિખો સુવિદ્યા વિશ્વમાં વિશેષ લાભકારિને. ૫.

દોહરા.

સૃષ્ટિમાં સૂખદે સદા, સંપ સૈલ્યતા સાર;
અધિક અધિક અભ્યાસતો, પઢો ધરિ મન પ્યાર. ૧.
ગણીત ગુણી ગણવું વળિ, લખવું લાયક રીત;
પાડે પઢવું પ્રીતથી, ચિત પ્રિત હિતે અચિત. ૨.
વિદ્યા વિવિધ પ્રકારની, ઉર ધરિ ઉલટ ઉમંગ;
પ્રિતે પઢવી પીંડમાં, શોધી શૂરો સૂસંગ. ૩.
વિદ્યાથકી વિવેક ગુણ, આવે વાર હજાર;
સમજો સારા ફાયદા, ગુણ ગ્રાહક દિલદાર. ૪.
સૃષ્ટિમાં સૌ ધન વિષે, સર્વોત્તમછે જેહ;
સદ વિદ્યા શૂભ શોભતી, ભણો ભાવથિ એહ. ૫.
સહુ સજ્જનને પ્રીતથી, ગૌરિ કરી પ્રણામ;
કાન કહે "સનમાન કર", સૌ શીખો ગુણવાન. ૬.



सत्संग.

દોહરો.

સત્સંગે સૂધરે નરો, નારી આડે અંગ;
દુ:ખ દુર કાઢી દેશનાં, સૂખ આપે સત્સંગ. ૧.
બાળ બુદ્ધિ વિશાળ થઈ, અંગે વધે ઉમંગ;
સદવિદ્યા સદ ચાતૂરી, સૂખ આપે સત્સંગ. ૨.

માન મ્હાન વિદ્વાનમાં, ઓઢે અંગ અપંગ;
સૂચાલ સારી સાંપડી, સૂખ આપે સત્સંગ. ૩.
દૂર્બળ સંગ સુસંગથી, પામે પ્રૌઢ પલંગ:
આજ લાજને રીઝથી, સૂખ આપે સત્સંગ. ૪.
સાંપ્યાથી સત્સંગતી, મન રાજી રહે રંગ;
દિન સુખમાં નિતનિર્ગમો, સૂખ આપે સત્સંગ. ૫,
વિશુધ વાણી વિમળતા, વિઘ્ન બનાય વિહંગ;
સુસંગ શોધો સુગ્ન તો, સુખ આપે સત્સંગ, ૬.
દિલમાં ડાપણ દ્રઢતા, દિગમંડળ કરશે દંગ;
આનંદને ઉછરંગતા, સુખ આપે સત્સંગ. ૭.
બીતિ ભુંડી રીતને, ભાવે કરશે ભંગ;
નિત્ય નીતિ દર્શાવીને, સૂખ આપે સત્સંગ. ૮.
સૂખ આપે દુઃખ કાપિને, કાઢિ કૂર કૂઢંગ;
પ્રસંગ દે શુભ પ્રેરણા, સૂખ આપે સત્સંગ. ૯.
નિપુણ સુગૂણુની સંગથી, અમુલ્ય બનશે નંગ;
શ્રીસુપાત્રની સ્નેહતા, સૂખ આપે સત્સંગ. ૧૦.
રમૂજ રૂડો રંગ રેહે, અંતર વધે ઉમંગ;
દુઃખ દુર કાઢી દીલનાં, સૂખ આપે સત્સંગ. ૧૧.
લાભ લહે નર નારને, બાલ અવિચલ અંગ;
આશ્રય દે આ શૃષ્ટીમાં સૂખ દાયક સત્સંગ. ૧૨.
અધિક અધીક અભ્યાસને, સદગુણ સદા સલંગ;
સંપ, ઐક્યતા, સુગ્નતા, સૂખ આપે સત્સંગ. ૧૩.
ગૌરિશંકર મુખ વદે, ઉર ધરિ ઉલટ ઉમંગ;
કહાનજી તે સાથ કહે, સૂખ આપે સત્સંગ. ૧૪.

ત્રોટકછંદ.

સત્સંગથિ અંગ ઉમંગ વધે,
સત્સંગ થકી મન્માન બધે;

સત્સંગ થકી ગુણ ખાણ ઘણી,
મળશે મનરંજન જેહ ભણી. ૧.
સત્સંગ વિના નહિં નામ રહે,
સત્સંગ વિના નહિં ગુણ ગ્રહે;
ગુણને સદગુણ અમુલ્ય અતિ,
સર્વે સર્વે મન માન મતી; ૨.
શુભ સ્વર્ગ પમાય સુસંગથકી,
નકિ છેક જવાય નહીંજ છકી:
જન જાત કુસંગ થકી કચલે,
દિલ ડાપણ ગુણ સદૈવ ટળે. ૩.

હરિ ગીત છંદ.

સત્સંગથી મન રંગમાં નકી અંગમાં ઊમંગ છે,
સુખકારી આજ સ્વદેશીના એક લાભમાં સત્સંગ છે;
સંજવાયિ‡ ભાથી સાથ નિર્ભગ એજ શસ્ત્રથકી બચે,
વધવા સુસંગ સ્વદેશમાં ઝટ મીત્ર બે કવિતા રચે, ૧.



कन्याओने भणाववा विषे.

દોહરા.

પરમેશ્વરને પ્રીતથી, પાગે કરી પ્રણામ;
સુધરે બાળા સ્નેહથી. આ દરિયે એ કામ. ૧.
ચિત્ત ચતૂર બની બહૂ, ગર્વ તજે ગુણ ગ્રામ;
સુધરે બાળા સ્નેહથી, આદરિયે એ કામ. ૨.

---

‡ શૂરા.

ભણવાને ભણતરતણી, હેતે રાખે હામ;
સુધરે બાળા સ્નેહથી, આદરિયે એ કામ. ૩.
કોડે કન્યા શાળ શુભ, સ્થાપો ગામો ગામ;
સુધરે બાળા સ્નેહથી, આદરિયે એ કામ. ૪.
નિશ્ચે તેનો નેહથી, થાશે શુભ પરિણામ;
સુધરે બાળા સ્નેહથી, આદરિયે એ કામ. ૫.
સુધારો સૌ સ્નેહથિ, શુભ આપિ દરીઆફ;
સદ્ય સુધારી બાળકી, લો લાયક શુભ લાભ. ૬.
સુધારશો શુભ બાળકી, સુંદર શાળા માંય;
સુફળ સર્વદા આપશે, સારદ સુંદર જ્યાંય. ૭
માટે સૌ કો સ્નેહથી, સુણી અર્જ આ સાર;
ગૌરિ તથા કહે કાન મુખ, વેગે કરો વિચાર. ૮.
નિપુણ પ્રવીણ સુવિદ્રૂપણ, એથી આજ પમાય;
પૂર્ણ પ્રીતે પદમણી, પ્રૌઢ વિષે પંકાય. ૯.
માટે જન મન માનીને, અંતર ધરી ઉમંગ;
સર્વ સુધારવા બાળકી, શોધો સદા સુસંગ. ૧૦.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને) એ રાગ.

બાળાને સૂધારો પૂરણ પ્રીતથી; ટેક.
ભણે ભાવથી ન કરે કંઈ કંકાશજો,
સુધરે બાળા કન્યાશાળામાં બહુ;
વધે વધારે વિગતેથી ઉલ્લાશજો,
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૧.
ચિત્ત વિષે ચતુરાઈ આવે ચોગણી,
ભરે ભરત તે રાખી ભલેરા ભાવજો;
સુધારતાં સૂધારો થાય સામટો,
ઉપજે એવો અંગ વિષે ઉંડાવજો,
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૨.

શીખામણની વાત સુહાવે સ્નેહથી,
ચિતરે ચિત્ર અને આંક શિખાયજો;
શીખે વડી વીવેકતણી તે વાતડી,
વાણી વ્યાકરણથી રૂડી વદાયજો.
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૩.
ભાન ભૂગોળતણું અવેછે ભાવતું,
આગળનો ઇતિહાસ અતિ સુહાયજો;
નીતિની રીતિ પણ રૂડી આવડે,
મ્હોડું નહીં કદી તેહતેણું મલકાયજો,
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૪
પતિતણો કપડો સાંખો શુભ સ્નેહથી.
વળતી કરશે વિચારીને કામજો;
સહસા કામ કદી એ નારી નહિં કરે,
કરે વિચારી વિગતેથકી તમામજો.
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૫
પતિતણો કાગળ આવે પરદેશથી,
વંચવાવા જાવું તે મ્હોટી લાજજો:
એવું જાણી નાર ભણાવી હોય તો,
થાય સફળ સૌ તેનું સર્વે કાજજો.
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૬.
બાળા સુધરે બહુ રીતે એવી ભલી,
વિનંતી વીગતે વાંચો વ્હાલા યારજો;
વગર ભણેલી બહુ લાંબી વાતો કરે.
વખતે મારે પતિને મુખ પેંજારજો.
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૭
નરભેશંકરનો સુત વિનવે સ્નેહથી,
કહેછે ગૌરિશંકર વારંવારજો,
બાળાને સુધારો સ્નેહે સ્નેહીઓ,

જેથી તે સુખ પામે આ સંસારજો-
બાળાને સુધારો પૂરણ પ્રીતથી. ૯
વળી ધરમશી (નો) સુત વીનવે સ્વદેશીને,
આપો બાળાને બહુ વિદ્યા દાનજો,
કહાનજી કહે સુખ પામે તે સામટું,
બળતી રહે રાજી રૂડો ભગવાનજો.
બાળાને સુધરો પૂર્ણ પ્રીતથી. ૧૦

कामनो आवेश.

નારાચ છંદ.

વિચારિને ખચીત મીત્ર ચીત આપ આપિને,
કુચાલ દૂર કીજીએ સુલક્ષણો સુથાપીને ;
મનુષ્ય ક્રોધ, લોભ, કામ તેતણા પ્રસંગમાં,
કરો કદી ન કોઇ જન કામ વેષ અંગમાં. ૧.
સદાય દૂષ્ટ કામ વેશ એવું દીલ લેખીયે,
ભરાય દીલ કામ તો કુચાલ આપ પેખીયે ;
મનાય કામ કામ ઠામ આમછે કુઢંગમાં,
કરો કદી ન કોઈ જન કામ વેશ અંગમા. ૨.
અતિ અસત્ય નામ ગ્રત્યછે ન કામ વાતએ,
કદીક કામવેશથી મનુષ્યકેરી ઘાતછે ;
પશૂનિ તેમ ઘાત તેથી ને વળિ વિહંગમાં,
કરો કદી ન કોઇ જન કામવેશ અંગમાં. ૩.
ઘણાંક પાપ આપ જાણિને તજોજ રીત એ,
ઘણી કુચાલ જાણવી અઘોર નાર પ્રીત તે ;

જરૂર જૂઠ જાર છંદ જીવ જાય રંગમાં,
કરો કદી ન કોઇ જન કામવેશ અંગમાં. ૪
વધૂ વિશેષ પાસ દેખિ અંધ થૈ ન કીજિયે,
વળિ વિશેષ દાખિ કામ શુભ સ્વાદ પીજિયે;
ક્રોડ લાખ દામ પાસ દેખિને ઉમંગમાં,
કરો કદી ન કોઇ જન કામ વેશ અંગમાં. ૫.
પ્રભૂતણા ગુનાહિતો થાશોજ કામ વેશથી,
અથાક તો દુઃખી થશોજ કામના પ્રવેશથી;
કામછે કુઢંગ ને કુબોધી તે વિસારીને,
પ્રીતિ થકીજ પરહરો નઠારી પ્યારી નારિને. ૬
દશા બુરી દિશે નકીજ કામના પ્રવેશથી,
ઘટે શુરી સુવિદ્યા નિત્ય નામના હમેશની;
પર સ્ત્રીના પ્રસંગથી સહસ્ર ગુણ જાયછે,
કુચાલ ન્યારિ ને નઠારિ દુઃખદાય થાયછે,
ઘટેજ શૂર ઉર સર્વદા કુકર્મ ક્રૂરથી,
તજો ગુણી જનો સદાય દેખિ દીલ દૂરથી;
થશે બુરી પુરે પુરીજ વિશ્વ જન વૃંદમાં,
કુછંદ અંગ લાગિને થશે ફજેતિ ફંદમાં. ૮.
પવીત્ર મીત્ર પ્રીતથી સજી સુરીત સર્વદા,
તજો જરૂર જાર છંદ પેખી ચીત પ્રેમદા;
નહીં કરાય શુભ કાર્ય ધૈર્યથિ વિચારિને,
દિલે ચડયો કદી કુરંગ નિર્ખિ કષ્ટ નારીને, ૯.

નગસ્વરૂપિણી (પ્રમાણિકા છંદ.)

દિલે ડરી હરી થકી, નઠારિ રીતને નકી;
કુછંદ કાપ આપથી, પ્રભૂતણા પ્રતાપથી. ૧
વિચારિ ચીત ચાલવું, ગુનાહિ તો નહીં થવું;

અનીત અંગની હરી, જવુંજ સર્વ સૂધરી ;
વિતર્ક તર્ક દેખિને, કરો ન પ્યાર પેખિને. ૨.
અનર્થ કર્મ એહથી, રહોજ દૂર દેહથી. ૩.
ધરી સુસ્નેહ સર્વદા, તજો અભાગિ આપદા,
ભાંગી ભિતી ભર્તીને, સુરીત સદ્યવર્ત્તિએ. ૪.
ટળેજ સૂખ સંપતી, વળાજ વિદ્રની મતી;
પડે પુરીજ આપતી, ઘણીજ દુર્ગુણી ગતી. ૫.
કરાર દીલમાં કરી, નિપૂણતા ગ્રહો નરી ;
નઠારિ હર્કતો હરી, જવુંજ જગત આતરી. ૬.
ગૌરિદાસ હાસથી, કહે ઉરે ઉલ્લાસથી ;
તજો ખરાબિ ખાસથી, પ્રથમ આપ પાસથી. ૭.
દુર્ગૂણો હજી તજી, સુગૂણ સ્નેહથી સજી ;
કહે કહાનજી અતી, ભજો વિભૂ પ્રભૂપતી. ૮.

દોહરા.

કામતણો આવેશ તો, અતી અગ્નીની ઝાળ ;
કામ હરે સદ કામના, કામ નકીછે કાળ. ૧.

विवीध विषय.

ઈંદ્રવિજયછંદ.

કોઇક કામ કળા થકિ થાયજ,
ને વળિ કોઇક થાય બળેથી;

કોઇક કામજ થાય કુટે,
વળિ કોઇક તોયજ થાય કળેથી;
વૈર્ય શુરાં થકી કામ બને,
વળિ તેથી વળે બહુ દિલ વળેથી;
આમ કરી પ્રતી કામ સુહામથિ,
નામ રહે શુભ રોજ રલેથી. ૧.
હિંમત એક ધરિ શુભ હાથ,
ભજો જગનાથ સુભાવ ધરીને;
દૂષ્ટ મહા ઉન્મત સરિખ્યથી,
આપ રહો દિલમાંહિ ડરીને;
સંપ સજી વધુ જપી રહો નકી,
માયની માય લડી નમરીને;
નામ જમાવી સદા સુખધામજ,
દામથિ ઠામ રહોજ ઠરીને.
સંપથિ જંપ અને વળિ દામ,
લઇ પ્રભુ નામજ ધામ ભરિલયો;
વાણિ સુવાણિ ધણિ મણિ તૂલ્ય,
તણીજ ધણીજ ખરીદ કરીલયો;
આપનિ પાસ અથાકજ દામ,
શુભ નામથિ સહસ્ત્ર દયાળુ ધરીલયો;
વૃત અને સદ કૃત્ય સદાયથી,
અમૃત પાન અમુલ્યજ પિલયો. ૩.
જ્ઞાનનું માન હજી ગણિ આગળ,
લોક ઘણાય વિદ્યાય ભણેછે;
વેદ પૂરાણતણી ઘણિ ખાણ,
જડેથી ઘણાક ગણીત ગણેછે;
જે ન ભણે જન જાણ અજાણ,
હજી નકિ તે યજ છોટપણેછે;

ચેતિ ન મૂરખ મુઢ સદાયજ,
માતનિ ખાણ અજ્ઞાન ખણેછે. ૪.
માનવિ માનવિ હામ થકી નકી,
અર્જજ દીલ વિષેજ અમારી;
સૂખિ સદાય થશોજ વિદ્યા થકિ,
વાત સુણો સહુ ભ્રાત અમારી;
ભાવ થકી ભણવું ભલી ભાત,
વધે જન જો જિ ઇચ્છાય તમારી;
સાચનિ વાતમાં આંચ ધરો નહીં,
પાંચ કહ્યા મન છંદ વિચારી. ૫.

દોહરા.

સદ્ગુણ વિદ્યા સભ્યથી, સૂધરશો નર નાર,
પણ કુછંદ કૂકર્મથી, અવગુણનો અવતાર. ૧
માટે માની મન થકી, અંતરમાં ઉપદેશ;
કહે ગૌરિને કાનજી, લાભ લહો લવ લેશ. ૨.
સંપ સગૂણ આનંદથી, સુકૃત સદા કરાય;
પણ કુસંગ પ્રસંગથી, પ્રૌઢપણું ન પમાય. ૩.
જેથિ વિચારી જન સહુ, તન મન ધનથિ આમ;
સદ કૃત કરીને સર્વદા, પામો નામ સુઠામ. ૪.
સૌ સજ્જનને કારણે, કહી શિખામણ એહ;
ગૌરિદાસ ને કહાનજી. સુજ્ઞ વધારિ સ્નેહ. ૫.

ग्रंथ समाप्ती.

દોહુરા.

પરમ પ્રભુ પરમાત્મને, પાગે કરી પ્રણામ ;
પદ્ય રત્ન પ્રીતે રચ્યું, ખંભાળીયા મુકામ. ૧.
વાંચી સર્વ સ્વદેશીઓ, પૂરણ ધરીને પ્યાર ;
ક્ષમા ધૈર્યથી પામજો, જગમાં જય જયકાર. ૨.
સુધૈર્ય ધારી સર્વદા, વર્ત્તો વ્હાલા યાર ;
(તો) રિધી, સિદ્ધિ સમૃધી, સૌ પામો ઔવાર. ૩.
ચેતી ચીતમાં પ્રીતથી, નિપૂણુ જનો નર નાર ;
સત કર્મો કરવા શીરૂ, બનેવું ઈન્તેજાર. ૪.
શુભ સંવત બત્રીશઆ, હિતેચ્છુ હાલાર ;
ઓગણીસોની સાલમાં, ગ્રંથ કર્યો સુખકાર. ૫.
અષાઢમાં સુદ અષ્ટમી, સૂર્ય વાર સુખકાર ;
અંગ્રેજિ અગીયારમી, તારીખ તું ઉચાર. ૬.
વિજયવંત જુલાઈને, અઢાર પચોતેર ;
ગ્રંથ પૂર્ણ પ્રીતે રચ્યો, લેવા લીલા લ્હેર. ૭.
ઈશ એની આનંદથી, પૂરણ કરી પ્રતાપ ;
સ્વદેશિની ઈચ્છા પૂરો, કાપિ પાપ પરિતાપ, ૭
સંપ સુગૂણ આનંદથી, અવિચળ રાખે ઈશ,
ગૌરિદાશ ને કાનજી, એ આપે આશિષ. ૯.



અનુક્રમણિકા.



